છે શું અને જોઇએ શું.

(હિંદનું રાજ્યતંત્ર હાલ કેવું છે, અને તેમાં કયા કયા સુધારા અત્યારે આવશ્યક છે તે બાબતમાં હિંદની મહાસભા કોંગ્રેસે અને મુસલમાન ભાઇઓનાં મહામંડળ મુસ્લીમ લીગે તૈયાર કરેલા રાજકીય સુધારાની યોજનાના ખરડાનું રહસ્ય.)

લખનાર,

પુરૂષોતમદાસ ભવાનીદાસ ગોરડીઆ.

બી. એ., એલ એલ. બી. અમદાવાદ.

ગુજરાત સભા તરફથી

પ્રકાશકઃ-

કૃષ્ણલાલ નરશીલાલ દેશાઈ.

ખાડીઆ-અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૫૦૦૦.

સપ્ટેમ્બર ૧૯૧૭.

કીંમત એક પૈસો.

છે શું અને જોઇએ શું?

માધવબાગમાં સોમચંદે પોતાના મિત્ર રાયચંદને સામો આવતો જોઇ પુછ્યું 'કેમ રાયચંદ, હમણાંનો કાંઇ જણાતો નથી?'

રાયચંદ—ભાઇ, હું તો મારા કામમાં દટાઈ રહ્યો છું તે ઘડીની નવરાશ મળતી નથી ને ક્યાંઇ બાહાર પણ નીકળાતું નથી. કેમ હમણાં નવા જુના શા ચાલે છે? તું બધે ફરેહરે છ તે કાંઈ કહે તો ખરો.

સોમચંદ—અલ્યા, હમણાં તો પેલી મોટેન્ગ્યુ સાહેબને આપવાની અરજીનીજ વાતો ચોતરફ થાય છે, જ્યાં જોઇએ ત્યાં એ કામ લઇને સ્વયંસેવકો નીકળી પડ્યા છે. અલ્યા, તારા બજારમાં કોઇ સહી કરાવવા આવ્યું'તું કે નહિ?

રાયચંદ—ભાઇ મારા બજારમાંએ સ્વરાજ્ય–હોમરૂલ–બીસાન્ટ વિગેરેની ઘણી બૂમો તો છે અને મહાત્મા ગાંધીજીએ તૈયાર કરેલી અરજીમાં બેચાર જણ કાંઇક સહીઓ કરાવવા આવ્યા હતા ખરા. અલ્યા, એ શેની અરજી છે અને તેમાં આપણે સહીઓ શી બાબત કરવાની છે એ મ્હને ચોક્કસ સમજાવે તો ઠીક.

સોમચંદ—આપણી નેશનલ કોંગ્રેસ—

રાયચંદ—અલ્યા ભાઇ, તું તો છાપાં વાંચીને પાવરધો થઇ ગયો તે બધું સમજવા માંડ્યો, પણ મને તો કોંગ્રેસ શું છે તેની પુર ખબર નથી. તે પહેલાં એ તો કહે કે કોંગ્રેસ તે કોણ? હમણા તો રોજ ગામોમાં મીટીંગો થાય છે ને હું પણ હાજર તો રહું છું પણ હવે તું મ્હને બધું સવિસ્તર સમજાવ.

સોમચંદ—અલ્યા તું તો હજી એવો ને એવોજ રહ્યો. કોંગ્રેસ શું તેનું પણુ તને પુરૂં ભાન નથી. હવે તો જરા છાપાં વાંચતાં શીખ એટલે કાંઇક અક્કલ આવે. આવુંએ જાણતો નથી તેવી કોઇને વાત કરીશ તો કોઇ ગાંડો ગણુશે.

રાયચંદ—તે તું ભાઇબંધ શા કામનો? તું છાપાં વાંચે છે તે હવે મને બધું સમજાવને.

સોમચંદ—જો, આપણે ત્યાં અમદાવાદ શહેરમાં ગયે વરસે દીવાળી ઉપર સાબરમતીપાર શેઠ મંગળદાસની જમીનમાં મંડપ નાંખ્યો હતો ને કોન્ફરન્સ મળ્યું હતું તે યાદ છે ને. તીલક દાદા આવ્યા હતા ને ઝીણા બારીસ્ટર પ્રમુખ થયા હતા તે. એ કોનફરન્સ તે આપણા ઇલાકાની સભા અને કોંગ્રેસ તે આખા દેશના આગેવાનોની મહાસભા. આપણને જે કાંઇ અગવડ હોય, દુઃખ હોય અને જે કાંઇ સુધારા આપણે જોઇએ તે બાબતમાં લોકોની જે કાંઇ ફરીયાદો હોય તે બધી પ્રજા સમક્ષ ને સરકાર સમક્ષ આપણા આખા દેશના આગેવાનો દર વરસે એક સ્થળે મળીને રજુ કરે છે. તે કોંગ્રેસ અને મુસ્લીમ લીગે—

રાયચંદ—અલ્યા મુસ્લીમ લીગ તે કોણુ? હું તો તે પણુ જાણુતો નથી.

સોમચંદ—જેવી કોંગ્રેસ તે આખા દેશના આગેવાનોની મહાસભા તેવી મુસ્લીમ લીગ તે આખા દેશના મુસલમાનભાઇઓની મહાસભા. એ બે મહાસભાઓએ જે કામ પસંદ કર્યું તે આખા દેશેજ પસંદ કર્યું કહેવાય. દેશમાં એમનાથી મોટું કોઇ નથી.

રાયચંદ—તે એ બે મહાસભાઓએ મળીને કાંઇ કર્યું છે?

સોમચંદ—હા. હું એજ કહુંછને. તે બંને મહાસભાઓએ મ-

બીને હીંદને અત્યારેજ જોઇતા રાજકીય સુધારાની એક યોજના તૈયાર કરી છે અને તે યોજના બાબત હીંદના આગેવાનો અને હીંદી સરકાર સાથે રૂબરૂ વાતચીત કરવાને હીંદી પ્રધાન નેક નામદાર મોન્ટેગ્યુ સાહેબ આવતા નવેંબર માસની શરૂઆતમાં અત્રે આવનાર છે.

રાયચંદ—તે એમને આપણા આગેવાનો મળે ને વાતચીત કરે. તેમાં અરજી આપવાની ને આપણી સહીની શી જરૂર?

સોમચંદ—આપણા આગેવાનો તો તેમને મળશેજ ને તેમની સાથે ચર્ચા ચલાવશેજ. પણ આ યોજનામાં સુચવેલા સુધારાથી જેમની સત્તા ઓછી થાય તેમ છે તે લોકોએ એક એવી બુમ ઉડાડી છે કે આપણા લોકોનો આપણા આગેવાનોને ટેકો નથી. એમની એ બૂમ ખોટી છે એવું આપણે હજારો ને લાખો સહીઓ કરીને મોન્ટેગ્યુ સાહેબને બતાવી આપવું છે.

રાયચંદ—તે આ યોજના પ્રમાણે સુધારા થાય તો સત્તા કોના હાથમાં આવે!

સોમચંદ—આપણા હાથમાં એટલે આપણે પસંદ કરેલા આપણા ભાઇઓના હાથમાં સત્તા આવે.

રાયચંદ—અલ્યા તે કેવી રીતે?

સોમચંદ—જો આપણે ત્યાં જે કાયદા થાય છે તે કાયદા કરવાવાળી ધારાસભાઓ છે. દરેક પ્રાંતમાં અકેકી પ્રાંતિક ધારાસભા છે અને એક વડી ધારાસભા આખા દેશની છે. એક પ્રાંત બાબત કાંઇ કાયદો કરવો હોય તે તે પ્રાંતની ધારાસભા તૈયાર કરે છે અને આખા દેશ બાબત કોઇ કાયદો કરવો હોય તે દેશની વડી ધારાસભા તૈયાર કરે છે.

રાયચંદ—તે એ ધારાસભા કેટલા માણસોની બનેલી છે ને તે લોકો શી રીતે ધારાસભામાં જઇ શકે છે.

સોમચંદ—પહેલાં હું તને આપણા મુંબઇ ઇલાકાની ધારાસભાની વાત કહું. મુંબઇ ઇલાકાની ધારાસભામાં ૪૯ સભાસદો થઇ શકે એવા નીયમો હાલ છે.

નામદાર ગવર્નર ને તેની કાર્યકારી સભાના ત્રણ સભાસદો મળીને	૪
એડવોકેટ જનરલ (એટલે મુંબઇ સરકારનો મોટો વકીલ)	૧
એ પાંચ જણા પોતાના હોદ્દાની રૂઇએ ધારા સભાના સભાસદ બને છે.	૫
૨૧ સભાસદો નીચે જણાવ્યા પ્રમાણે ચુંટાએલા હોય છે.	
મુંબઇની કોરપોરેશન (મ્યુનીસીપાલીટી).	૧
આ ઇલાકાના, ઉત્તર, દક્ષિણ, મધ્ય ને સિંધ એવા ચાર વિભાગ છે તે ચાર વિભાગોની મ્યુનીસીપાલીટીઓ તરફથી દરેક વિભાગ તરફથી એકેક.	૪
ચારે વિભાગની લોકલબોર્ડો તરફથી એકેક.	૪
મુંબઇના વિશ્વ વિદ્યાલય (યુનીવર્સીટી) તરફથી.	૧
દક્ષિણ, સીંધ અને ગુજરાતના સરદારો તરફથી.	૩
મુંબઈ શહેર અને સિંધ સિવાયના ત્રણ વિભાગોના મુસલમાન ભાઇઓ તરફથી એકેક.	૪
મુંબઈની ચેમ્બર્સ ઓફ કોમર્સ એટલે ગોરા વેપારીઓની મંડળી તરફથી.	૧
કરાંચીની ચેમ્બર્સ ઓફ કોમર્સ એટલે ત્યાંના ગોરા વેપારીઓની મંડળી તરફથી.	૧
દેશી વેપારીઓ તરફથી.	૧
મુંબઇ અને અમદાવાદના મીલ માલેકો તરફથી વારા ફરતી.	૧
	૨૧

આ ઉપરાંત

સરકારે નીમેલા સભાસદો, જેમાંથી વધુમાં વધુ ૧૪ સરકારી અમલદારો હોઇ શકે.	૨૧
ખાસ વિષયના અનુભવીઓ કે જેઓ અધિકારી કે બીન અધિકારી ગમે તે હોઇ શકે.	૨
	૪૯

એ પ્રમાણે લોકોના ચુંટેલા ૨૧ અને સરકારે નીમેલા ૨૬ થી ૨૮ સભાસદો મુંબઇની ધારા સભામાં હોય છે.

ખાસ વિષયના અધિકારીઓવાળી જગ્યા હમેશાં ભરેલી નથી રહેતી. કોઇવાર ભરેલી હોય છે ને કોઇવાર ખાલી હોય છે.

રાયચંદ—તે હવે કોંગ્રેસને લગતાની યોજના પ્રમાણે મુંબઇની ધારા સભા કેટલા સભાસદોની થશે ને તે કેવી રીતે નીમાશે ?

સોમચંદ—કોંગ્રેસ ને લીગની યોજના પ્રમાણે મુંબઇની ધારા સભામાં ઓછામાં ઓછા સવાસો સભાસદો હોવા જોઇએ અને અત્યારે અરધાએ ચુંટેલા સભાસદો નથી હોતા તેને બદલે ⅘ સભાસદો ચુંટાએલા થશે. એટલે અત્યારે એકેક વિભાગમાંથી મ્યુનીસીપાલીટીઓ લોકલબોર્ડો મુસલમાન ભાઇઓ ને સરદારોના થઇને ૪ પ્રતિનીધિઓ ચુંટાય છે તેને બદલે દરેક જીલ્લામાંથી ત્રણ કે ચાર સભાસદો ચુંટી શકાશે.

રાયચંદ—દરેક વિભાગમાંથી જે સભાસદો ચુંટાય છે તેની ચુંટણી અત્યારે કોણ કરે છે અને હવે જીલ્લામાંથી ચુંટણી કરવાનું કરશે ત્યારે તેમની ચુંટણી કોણ કરશે ?

સોમચંદ—જો. આપણે ગુજરાતની વાત કરીએ. ગુજરાત ને થાણા જીલ્લો મળીને ઉત્તર વિભાગ થાય છે. એટલે ગુજરાતની વાત કરશું તે ઉત્તર વિભાગનીજ થશે. ઉત્તર વિભાગની મ્યુનીસીપાલીટીઓ

અને લોકલબોર્ડો પોતાના અમુક સભાસદોને ધારાસભાના સભાસદની ચુંટણી કરવાને નીમે છે ને તે લોકો ધારાસભાનો સભાસદ ચુંટી કહાડે છે. એટલે એવું થાય છે કે આપણે મ્યુનીસીપાલીટીના કે લોકલબોર્ડના સભાસદો ચુંટીએ, મ્યુનીસીપાલીટીના ને લોકલબોર્ડના સભાસદો પોતાના અમુક સભાસદોને મત આપવા ચુંટે ને તે લોકો ધારા સભાનો સભાસદ ચુંટી કહાડે. એટલે આપણી ને આપણી તરફથી ચુંટાએલા સભાસદ વચ્ચે બે બે ચાળણીઓ અથવા આડ ખીલીઓ હોય છે તેને બદલે હવે સીધી રીતે આપણેજ આપણા સભાસદોની ચુંટણીમાં મત આપીએ તેવું થશે.

રાયચંદ—આ તો તમે લોકલબોર્ડો અને મ્યુનીસીપાલીટીઓ તરફથી ચુંટાતા સભાસદોની વાત કહી, પણ મુસલમાન ભાઇઓ તરફથી હાલ ચુંટાય છે તેમાં કાંઇ ફેરફાર થશે કે ?

સોમચંદ—હા. તેમાં પણ ફેરફાર થશે. આપણા મુસલમાનભાઇઓ તરફથી હાલ જે ૪ સભાસદો ધારા સભા માટે ચુંટાય છે તેને બદલે હવે આપણા ઇલાકામાં ચુંટેલા સભાસદોમાંથી ⅓ સભાસદોને મુસલમાન ભાઇઓ પોતેજ ચુંટી કહાડશે. વળી એજ પ્રમાણે થોડી સંખ્યાવાળા બીજા કોઈ જાત કે ધર્મવાળાઓને પણ સામાન્ય ચુંટણીમાં પુરો લાભ મળશે નહિ એમ લાગશે તો તેમને માટે પણ તેમની સંખ્યાના પ્રમાણમાં એવીજ જાતની ચુંટણીની ગોઠવણ કરવાની યોજના થશે. વળી કોઇ જાત કે વર્ગની બાબતમાં કાંઇ કાયદો કે ઠરાવ કોઈ બીન સરકારી સભાસદ સભા આગળ લાવે તો જે જાતને તે લાગુ પડતો હોય તે જાતના ¾ સભાસદો તે બાબત વાંધો ઉઠાવે તો તે પડતી મુકવી જોઇએ.

રાયચંદ—મુસલમાન ભાઇઓ પોતે ⅓ જુદી ચુંટણી કરશે ત્યાર પછી વળી બીજા ⅔ સભાસદોની ચુંટણીમાં મત આપશે કે ?

સોમચંદ—ના. પછી એ ભાઇઓ બીજા સભાસદોની ચુંટણીમાં કાંઇ પણ ભાગ નહિ લે.

રાયચંદ—ધારાસભાનો પ્રમુખ કોણ હોય છે ભલા ?

સોમચંદ—અત્યારે તો આપણા ગવર્નર સાહેબ સભાના પ્રમુખ છે પણ હવેથી ધારાસભા પોતાના પ્રમુખની ચુંટણી પોતેજ કરે એવી યોજના છે. વળી કોઇ કામમાં સરકારી અમલદારોએ કાંઈ ગેરવાજબી કર્યું હોય કે કોઇ બાબતમાં કાંઈ માહીતિ કે ખબર ધારા સભાના સભાસદોને જોઇતી હોય તો તે બાબત અત્યારે પહેલાંથી લખીતવાર સરકારને પ્રશ્ન કરવાની ને તે પ્રશ્ન બાબત અસલ પ્રશ્ન પૂછનાર સભાસદને વધારાના પ્રશ્નો પૂછવાની છૂટ છે તે હવે ગમે તે સભાસદ વધારાના પ્રશ્નો પૂછી શકશે.

રાયચંદ—પ્રાંતિક સરકારોના હાથમાં નાણાંની શી સત્તા છે ને શી નવી મળશે ?

સોમચંદ—અત્યારે તો અમુક જાતની ગોઠવણ વડી સરકાર સાથે છે જેને લીધે અમુક કરોમાંથી અમુક ભાગ પ્રાંતિક સરકારોને મળે છે પણ હવેથી આયપત વેરો, ટપાલ, તાર, ટંકશાળ, મીઠું, અફીણ, આગગાડીઓ, લશ્કર ને દેશી રાજ્યોની ખંડણીની પેદાશ શીવાય બાકીના બધા કરોનાં નાણાં ઉપર પ્રાંતિક સરકારોની સત્તા હોવી જોઇએ એવી માગણી છે. વડી સરકારને ઉપર જણાવેલી બાબતોની પેદાશ કરતાં વધુ નાણાં જોઇએ તે માટે અમુક ઠરાવેલી રકમ પ્રાંતિક સરકાર વડી સરકારને આપે પણ કોઇ કરમાં વડીસરકારનો ભાગ નહિ.

રાયચંદ—નાણાં ઉપર પ્રાંતિક સભાનો કાબુ શી રીતે રહેશે ?

સોમચંદ—નવા કરો નાંખવા, જુના કરો કાઢવા, તેમાં ફેરફાર કરવા, નાણાં ઉછીનાં લેવાં અને અંદાજ પત્ર ઉપર મત આપવા

બાબતની બધી સત્તા પ્રાંતિક સભાને મળશે. ખરચની દરેક રકમ, અને જોઇતાં નાણાં કેમ ઉભાં કરવાં ;તે બાબતની દરેક દરખાસ્ત ખરડાઓ રૂપે પ્રાંતિક સભા પાસે લાવવી પડશે અને તેની મંજુરી મેળવવી પડશે.

રાયચંદ—નાણાંના વહીવટ ઉપરાંત બીજી શી સત્તા પ્રાંતિક સભાને મળશે ?

સોમચંદ—પ્રાંતની અંદરના વહીવટની દરેક બાબત ઉપર પ્રાંતિક સભાનો પુરેપુરો કાબુ રહેશે. અને સભાએ એ બાબતમાં ઘડેલા નીયમોને અનુસરીને પ્રાંતને લગતી દરેક બાબત ઉપર ઠરાવો લાવી શકાશે. અત્યારે ઘણી બાબતોમાં ઠરાવો લવાય છે પણ ચુંટેલા સભ્યોની સંખ્યા ઓછી હોવાથી તે ઘણાખરા પસાર થતા નથી અને કોઇ કોઇ ઠરાવ સભામાં પસાર થાય છે તોપણ ઠરાવ પ્રમાણે વર્તવા સરકાર અત્યારના ધારા પ્રમાણે બંધાયેલી નથી; તે હવેથી સભાએ પસાર કરેલા ઠરાવનો અમલ કરવાને બંધાયેલી ગણાશે.

ગવરનર સાહેબ અને તેની કાર્યકારી સભા એવા પસાર થયેલા ઠરાવને એક વખત નામંજુર (Veto) કરી શકે પણ જો ધારા સભા એક વરસ પછી પાછો એનોએ ઠરાવ પસાર કરે તો તો પછી સરકારને તે ઠરાવ ગમે કે ન ગમે તો પણ તેનો અમલ કરવોજ પડે.

ગમે તે વખતે હાજર રહેલા સભાસદોમાંથી ઓછામાં ઓછા $\frac{1}{8}$ ભાગની મરજી હોય તો કોઇ મહત્વના સવાલની ચર્ચા થઇ શકે અને કુલ સભાસદોના $\frac{1}{8}$ ભાગની સહીના લખાણુથી સભાની મીટીંગ બોલાવવી પડે.

રાયચંદ—ધારા સભાના બીન અધિકારી સભ્યો કાયદાના ખરડા પોતે દાખલ કરી શકે કે ?

સોમચંદ—અત્યારે તો તેઓને સરકારની રજા મેળવવી પડે છે પણ હવે પછી તે રજા લેવાની જરૂર ન રહે તેવી યોજના છે.

રાયચંદ—ધારાસભાએ પસાર કરેલો ખરડો તરતજ કાયદો થાય કે તેમાં કોઇની મંજુરીની જરૂર ?

સોમચંદ—અત્યારે તો દરેક ખરડો ધારા સભામાંથી પસાર થયા પછી ગવરનર સાહેબની ને ગવરનર જનરલ સાહેબની મંજુરીને માટે જાય છે ને તે બન્ને સાહેબોની મંજુરી મળ્યા પછીજ તે કાયદો થાય છે. પણ હવે ગવરનર સાહેબની મંજુરી મળશે કે તરતજ તે કાયદો થશે. પરંતુ ગવરનર જનરલ સાહેબના હાથમાં તે નામંજુર (Veto) કરવાની સત્તા રહેશે.

રાયચંદ—ધારા સભાના સભાસદોની ચુંટણી કેટલે કેટલે વરસે થશે?

સોમચંદ—અત્યારે ત્રણ ત્રણ વરસે થાય છે હવેથી પાંચ પાંચ વરસે ચુંટણી થશે.

રાયચંદ—પ્રાંતિક સરકાર એટલે શું ?

સોમચંદ—જેના હાથમાં આખા પ્રાંતનો કારભાર ચલાવવાની સત્તા છે તેને પ્રાંતિક સરકાર કહે છે. અત્યારે આપણી પ્રાંતિક સરકાર ગવરનર અને ત્રણ બીજા સભાસદોની કાર્યકારી સભાની બનેલી છે ને તેમાંથી એક સભાસદ હીંદી છે. ને બે સભાસદ હીંદી સનંદી નોકરીના એટલે આસીસ્ટંટ કલેકટર, કલેકટર, કમીશ્નર વગેરેના હોદ્દા ભોગવી ચડેલા ગોરા અમલદારોની બનેલી છે. હવેથી પ્રાંતિક સરકાર એટલે ગવરનરની કાર્યકારી સભામાં ઓછામાં ઓછા અડધો અડધ સભાસદો, હીંદી થશે ને હીંદી સનંદી નોકરી કે બીજા કોઇ નોકરી કરી ચડેલા ગૃહસ્થો સાધારણ રીતે સભાસદ થઇ શકશે નહિ.

રાયચંદ—તે સનંદી નોકરીવાળા સભાસદ ન થઇ શકે તેવું કરવાનું શું કારણ ?

સોમચંદ—એનું કારણ એ છે કે નોકરી કરીને ચડેલા માણસોની દ્રષ્ટી ટુંકી થઇ જાય છે. અને તેથી તેઓ બીજાનાં દુઃખ સમજી શકતા નથી. તે લોકો લાંબી નજર પહોંચાડી શકતા નથી ને પોતે આખી જીંદગી સરકારી નોકરીમાં ગાળેલી હોવાથી રાજ્ય કારભારના મોટા પ્રશ્નોમાં આડખીલીરૂપ થઇ પડે છે.

રાયચંદ—બધા પ્રાંતોમાં પ્રાંતિક સરકારો ગવરનર ને કાર્યકારી સભાની બનેલી છે કે ?

સોમચંદ—ના. અત્યારે તો મુંબઇ, મદ્રાસ ને બંગાળા એ ત્રણ ઇલાકામાંજ એ પ્રમાણે છે. બીહાર ને ઓરીસ્સામાં લેફ્ટેનંટ ગવરનર ને કાર્યકારી સભાની બનેલી છે ને પંજાબ, બ્રહ્મદેશ ને સંયુક્ત પ્રાંતોમાં લેફ્ટેનંટ ગવરનર એકલોજ છે. બાકીના પ્રાંતોમાં ચીફ કમીશનર છે પણ હવેથી બધા પ્રાંતમાં વિલાયતની સ્વતંત્ર હવામાં ઉછરેલા ગવરનર અને અરધોઅરધ હીંદી સભાસદોની બનેલી કાર્યકારી સભાસદોનીજ પ્રાંતિક સરકારો હોવી જોઇએ એવી યોજના છે. વળી હીંદી સભાસદો પ્રાંતિક ધારાસભાના ચુંટેલા સભ્યોએ ચુંટેલા હોવા જોઇએ.

રાયચંદ—હીંદી સભાસદો ધારાસભાના ચુંટેલા સભ્યોએ ચુંટી કાઢેલા જોઇએ એમ શું કામ રાખ્યું હશે ?

સોમચંદ—એમ ન રાખે તો તો સરકાર ગમે તેવા માન ચાંદના ભૂખ્યા ને સ્વાર્થી હીંદી સભાસદો નીમે કે જે લોકો માખણ્યાજ હોય. અત્યારે સરકાર હીદી સભાસદો નીમે છે તે કેટલીક વખત સારા હોય છે ને કેટલીક વખત કાંઇ પણ શક્તિ વિનાના સરકારના 'હાજીયા' જ હોય છે. એવું હવેથી ન થવા પામે માટે ઉપર પ્રમાણે ચુંટાએલાજ હીંદીઓ હોવા જોઇએ એવી યોજના કરી છે. આ હીદી ને ગોરા બધા સભાસદોની નીમણુંક કે ચુંટણી પાંચ વરસ માટે થશે.

રાયચંદ—તમે પ્રાંતિક ધારાસભાનું તો બધું કહ્યું. હવે કાંઇક વડી ધારાસભાના બંધારણ બાબત કહેશો ?

સોમચંદ—વડી ધારાસભા અત્યારે ૬૮ સભાસદોની બનેલી છે. જેમાં ૮ કાર્યકારી સભાના હોદ્દાની રૂઇએ નીમાતા સભાસદો, ૨૭ ચુંટેલા સભ્યો ને ૩૩ સરકારના નીમેલા બીજા સભાસદો હોય છે. અત્યારે એ સભામાં સરકારી અમલદારોની બહુમતી છે તેથી લોકના ચુંટેલા સભ્યો બધા ભેગા થાય તો પણ પોતાનું ધાર્યું કાંઇ કરી શકતા નથી. હવેથી એ સભા ૧૫૦ સભાસદોની બનાવવી જોઇએ ને તેમાંના ⅘ સભાસદો ચુંટાએલા હોવા જોઇએ એવી યોજના છે. વડી ધારાસભાના સભ્યોને પણ આપણે સીધા ચુંટી કાઢીએ એવી ગોઠવણ થશે ને તેમાં પણ ⅓ મુસલમાનભાઇઓ રહેશે તથા પ્રમુખની બાબતમાં, પ્રશ્ન પુછવાની બાબતમાં, સભા બોલાવવાની બાબતમાં તથા નાણાં સંબંધી કામના વિષયમાં અને નવા ખરડા વગેરે બાબતમાં જે જે સુધારા પ્રાંતિક સભામાં સુચવ્યા છે તેજ સુધારા વડી ધારાસભામાં પણ સુચવ્યા છે.

રાયચંદ—ત્યારે વડી ધારાસભાજ કરી શકે ને પ્રાંતિક ધારાસભાની સત્તાની બહાર ગણાય એવી કઇ બાબતો છે ?

સોમચંદ—(૧) આખા હીંદ બાબત સરખા કાયદા કરવા જેવું હોય તે, (૨) એકબીજા પ્રાંતો વચ્ચે મતફેર થાય તેની નાણાં સંબંધી દરખાસ્ત એકજ પ્રાંતની હોય તો પણ, (૩) દેશી રાજ્યોની ખંડણી શીવાયની વડી સરકારના કામની નાણાંની બાબતો, વડી સરકારના કામના ખરચની બાબતો, (૫) હીંદમાં આવતા તથા બહાર જતા માલ ઉપરની જગાત તથા કર નાખવા, કાઢવા સુધારવાની બાબતો, નાણાંના ચલણની તથા બેંકોની બાબતો અને મદદ કરવા લાયક નવા

ઉદ્યોગો ને પૈસાની કે બીજી મદદ દેવા બાબત (૬) અને આખા દેશના વહીવટને લગતી બાબતોના ઠરાવો. ઉપરની બાબતો વડી ધારાસભાના કાનુની ગણાશે. પણ વડી ધારાસભાનો દેશના રક્ષણ માટેના લશ્કરી ખરચ બાબતનો ઠરાવ ગવરનર જનરલ ને તેની કાર્યકારી સભાને બંધન કર્તા થશે નહિ.

રાયચંદ—ત્યારે વડી ધારાસભા ને પ્રાંતિક ધારાસભા બંનેના કાનુની બહાર કાંઇ બાબતો રાખી છે કે ?

સોમચંદ—હા. લશ્કરી બાબતો, અને પરદેશની અને બીજાઓ સાથેના રાજદ્વારી સંબંધની બાબતો, તથા લડાઈ, સુલેહ અને સલાહની બાબતોમાં હીંદી સરકાર જે ગોઠવણો કરે તેના વચ્ચે વડી ધારાસભા પણ આવે નહિ એવી ગોઠવણ રાખી છે.

રાયચંદ—હીંદી સરકાર તે શું ને કેટલા માણસોની બનેલી છે ?

સોમચંદ—હીંદી સરકારનો વડો નામદાર ગવરનર-જનરલ જેને વાઇસરોય પણ કહે છે તે છે. તેની કાર્યકારી સભામાં છ સાધારણ સભ્યો ને પોતે તથા હીંદી સેનાધીપતિ ગણીને કુલ આઠ માણસોની સભાને હીંદી સરકાર કહે છે. અત્યારે તે આઠમાંથી માત્ર એકજ સભ્ય હીંદી છે. બીજા બધા ગોરા સાહેબો છે. હવેથી પ્રાંતિક સરકારની પેઠે હીંદી સરકાર પણ ઓછામાં ઓછા અડધોઅડધ હીંદી સભ્યોની બનશે ને તે હીંદી સભ્યો પણ વડી ધારાસભાના ચુંટેલા સભ્યોએ ચુટેલા હોવા જોઇએ ને હીંદી સનંદી નોકરીના માણસો તે સભામાં ન જોઇએ એવી યોજના છે.

રાયચંદ—આ તો બધી તમે મોટી મોટી સભાઓની વાતો કરી પણ આપણાં પાનાં જેમની સાથે રોજનાં પડયાં છે તેવા આપણા પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટો ને કલેકટરો, ને મુનસફો ને જજજોની નીમણુકો કોણ કરશે ને કેવી રીતે તે તો કહો ?

સામચંદ—અત્યારે બધી સારી સારી ને મોટી મોટી જગ્યાઓ ઉપર ગોરા સાહેબોનેજ જોઇને આ સવાલ પૂછવાનું તમને મન થાય તે સ્વાભાવિક છે. અત્યારે તો સારા પગારવાળી ઘણી ખરી બધી જગ્યાઓ વિલાયતમાંજ પુરવામાં આવે છે ને સારી સારી ઘણીખરી બધી જગ્યાઓ ઉપર ગોરા સાહેબોજ હોય છે. પરંતુ હવેથી અરધા હીંદી સભાસદોની બનેલી વડી સરકારના હાથમાં આ વાત રહેશે એટલે એવી ફરીયાદોનું કારણ ઘણેભાગે રહેશે નહિ.

રાયચંદ—વડી સરકાર ને પ્રાંતિક સરકારોની પરસ્પરની સત્તા બાબત કાંઇ યોજનામાં છે કે ?

સોમચંદ—હા. પ્રાંતના સ્થાનિક પ્રશ્નમાં બનતાં સુધી વડી સરકાર પડશે નહિ અને માત્ર ઉપરી તરીકે સાધારણ દેખરેખનું અને કાબુનું કામજ તેને હસ્તક રહેશે. જે જે પ્રશ્નો ખાસ નોંધ કરીને પ્રાંતિક સરકારોને સોંપાયા નહિ હોય તે વડી સરકારના હસ્તકના ગણાશે.

રાયચંદ—વિલાયતથી હાલ જે હીંદી પ્રધાન આંહી આવે છે તેવો હીંદી પ્રધાન હવે પણ રહેશેજને ?

સોમચંદ—હા. હીંદી પ્રધાન તો રહેશેજ. પણ અત્યારે તેની સાથે દસ-બાર ઘરડા અમલદારોની સભા તેને મદદ કરવા વીલાયતમાં રહે છે તે કાઢી નાંખવાની યોજના છે. કારણ કે તે સભાના જુના ઘરડા અમલદારોની બનેલી છે જે લોકો મદદ કરવાને બદલે ડખલ કરે છે. આવી સભા વિલાયતમાં હીંદી પ્રધાન જેવાજ બીજા પ્રધાનો છે તેમને નથી. વળી હીંદી પ્રધાનનો પગાર અત્યારે હીંદી તીજોરીમાંથી અપાય છે તે વીલાયતની તીજોરીમાંથી અપાવો જોઇએ તેવી પણ સુચના કરી છે. અને હીંદી સરકારનો તેમની સાથેનો સંબંધ જેવો સંસ્થાનોના પ્રધાનનો સંસ્થાનોની સરકારો સાથે છે તેવોજ રા-

ખવો. વળી તેને બે મદદનીસ આપવા જેમાંથી એક હીંદી હોવો જોઇએ.

રાયચંદ—આતો આપણા દેશની અંદરની સરકારોની વાત કરી પણ વિલાયતમાં સામ્રાજ્યની સરકારમાં આપણે કાંઇ ખરૂં કે નહિ ?

સોમચંદ—હા. સામ્રાજ્યના વહીવટ બાબત પણ જે કાંઇ સભા થાય તેમાં બીજાના જેટલોજ આપણુને ભાગ મળવો જોઇએ એવી આપણી માંગણી છે. વળી હીંદીવાનોને સામ્રાજ્યના દરેક ભાગમાં સામ્રાજ્યની બીજી પ્રજાના જેટલાજ ને જેવાજ હકો મળવાની માગણી છે.

રાયચંદ—બીજી કાંઈ જાણવા જેવી બાબતો એ યોજનામાં છે કે?

સોમચંદ—હા. જમીનના તથા દરીયાઇ બંને જાતના લશ્કરોમાં અમલદારો બનવાની હીંદીઓને છૂટ મળવી જોઇએ અને તે બાબતની તાલીમ લેવાની દરેક જાતની સગવડ હીંદમાંજ કરી આપવી જોઇએ. હીંદના વહીવટી અમલદારોના હાથમાં ન્યાયખાતાંની કાંઇ પણ સત્તા ન જોઇએ અને ન્યાયખાતું પુરેપુરી રીતે દરેક પ્રાંતની મોટાંમાં મોટી કોર્ટના (હાઇકોર્ટના) હાથમાં સોંપાવું જોઇએ.

રાયચંદ—અહયા, આમ થાય તો તો ઘણું સારૂં. આપણા લોકોના હાથમાં બધી સત્તા આવે ને આપણા છોકરાંઓને આપણી મરજી પ્રમાણે ભણાવી શકીયે, આપણો વેપાર મરજી પ્રમાણે ખીલવી શકીયે, આપણા હુન્નર ઉદ્યોગને દરેક રીતે ઉત્તેજન આપી શકીએ ને દરેક રીતે આપણી ઉન્નતિ થાય. આપણા ભાઇઓના હાથમાં રાજ્યની થોડી ઘણી લગામ આવે તો આપણે તો લાભજ છે પણ આવી અરજી આપવાથી કાંઇ દહાડો વળશે કે ?

સોમચંદ—હા. કેમ ન વળે. આપણે આપણા આગેવાનોના હાથમાં લાખો સહીઓ વાળી અરજીઓ આપશું તો આપણા આગેવાનોનું કહેલું સરકારને સાંભળ્યા વગર ચાલશેજ નહિ. જો મીસીસ બીસાન્ટને

તેમના ગોઠીઆઓ બાબત આપણે સરકારને કાને નાખવા પૂરતા જથ્થામાં લખ્યું ને બોલ્યા તો તેમને ત્રણ મહિનામાંજ સરકારે છોડયાં કે નહિ

રાયચંદ—અલ્યા, એમણે તો વળી હોમરૂલ લીગ કાઢી છે ને તે શું કામ કરે છે?

સોમચંદ—એ પણ એજ કામ કરે છે. કોન્ગ્રેસ ને મુસ્લીમલીગની યોજનાને ટેકો આપવાનુંજ કામ હમણાં કરવું ને બીજું બધું મુકી દેવું એવું મીસસ બીસાન્ટે છૂટયા પછીના પહેલાજ લેખમાં લખ્યું છે.

રાયચંદ—ત્યારે તો હું અત્યારેજ ગુજરાતસભાની ઓફીસમાં જાઉં છું ને હું તો સ્વયં સેવક થઇશ પણ મારા આખા બજારના મિત્રોને સ્વયં સેવકો બનાવીશ ને મોન્ટેગ્યુ સાહેબ આવે તે પહેલાં હજારો સહીઓ કરાવી નાખશું.

ગુજરાત સભા વ્યાખ્યાનમાળા.

નં.	લેખનું નામ.	લેખક.	કીંમત.
૧	હિંદનું રાજ્યતંત્ર.	પુરૂષોત્તમદાસ બ. ગોરડીઆ.	૦-૧-૦
૨	ગામ પંચાયત	હીરાલાલ ત્રી. પારેખ.	૦-૦-૬
૩	(અ.) મ્યુનીસીપાલેટીઓ અને લોકલબોર્ડો.	કાળીદાસ જ. ઝવેરી.	૦-૨-૦

અમદાવાદ સલાપોસરોડ, ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટિંગ પ્રેસમાં પરીખ દેવીદાસ છગનલાલે છાપી.